





સાચવજો! દગાબાજીમાં એ નામ-ચીન છે
'હિંદી-ચીની ભાઇ-ભાઇ' વાળું જ એ ચીન છે
સીમા-ચિન્હ લુચ્ચાઇનું, વિશ્વાસઘાતનું મૂળ -
પડાવી જશે પ્રદેશો ભોળવીને - ચીન છે!




ચગાવી ખૂબ!
લાદી દો પ્રતિબંધ -
ક્રિકેટ પર!!

સૂર્ય ના ચૂલે
તેંતાલીસ ડીગ્રીમાં
ભૂંજાય પ્રજા..

## ચિંતન

**અન્નદાનાત્પરં દાનં વિદ્યાદાનમતઃ પરમ્ ।**
**અન્નેય ક્ષણિકા તૃપ્તિર્યાવજ્જીવં ચ વિદ્યયા ॥**

'બીજા દાનોમાં અન્ન દાન શ્રેષ્ઠ છે પણ તેમાથી વિશેષ વિદ્યાદાન છે કારણ કે અન્નથી તો થોડો વખત જ તૃપ્તિ થાય છે પરંતુ વિદ્યાથી તો જિંદગી સુધીની તૃપ્તિ મળે છે.'

શિક્ષક પછી તે શાળા-મહાશાળાનો હોય કે આઇટીઆઇ કે કોઇ પણ ટેકનીકલ તાલીમ વર્ગનો હોય - એ શિક્ષક પ્રેમથી - સમજપૂર્વક કમાઇ શકે એવું કૌશલ્ય તેના ટેરવાં અને મગજમાં ભરી દે છે - ઘણાં કદરદાન અને ગુરૂભાવને સમજનાર વિદ્યાર્થી જિંદગીભર પોતાના ગુરૂ કે શિક્ષકનો આ મહાન ઉપકાર ભૂલતા નથી.

દીપક નાગજી નામનો એક વિદ્યાર્થી આસપાસના ગામડાંમાંથી બસમાં ભુજપુર હાઇસ્કૂલમાં ભણતા આવતો બસનો સમય અનુકૂળ ન હતો સવારે એક કલાક વહેલી આવે સાંજે એક કલાક મોડી આવે - બસ સ્ટેન્ડ પર છોકરાં તોફાન મસ્તી કરે કુસંગે બીડી પીતાં શિખ્યો મેં શિક્ષક તરીકે તેના પિતાને 'સાઇકલ' ખરીદી આપવા વિનંતી કરી - વિદ્યાર્થી કોમળ અને તેજસ્વી સ્વભાવનો હતો. સાઇકલ મળી - કુસંગ છૂટ્યો - ૪૭ વર્ષે જયારં હું મુંબઇ ગયો ત્યારે એ વિદ્યાર્થીએ વિનંતી કરી તેના પિતાને મળવા ગયો - હું તો સાઇકલની વાત જ ભૂલી ગયો હતો પણ દીપકે એ યાદ રાખી તેના પિતા દ્વારા મારૂં સન્માન કર્યું.

અન્નદાન શ્રેષ્ઠ છે પણ તેનાથી પણ શ્રેષ્ઠ વિદ્યાદાન છે જે 'જિંદગીપર' તૃપ્ત રાખે છે.

## સુવિચાર

- કર્તવ્યનિષ્ઠા અને પ્રામાણિકતા બંને સગી બહેનો છે - **ઇમર્સન**
- 'પ્રામાણિકતા' અને પ્રામાણિકતા ને જે અવ્યવહારૂં સમજે છે તે પોતે પહેલાં નંબરને 'કૌભાંડી' છે - **બર્કલે**
- પ્રામાણિકતા અને સર્વોચ્ચ 'નીતિ' અને ધર્મ છે - **સર્વ પિટસ**
- પ્રામાણિકતા એ મનુષ્યત્વને ઇશ્વરે આપેલી સર્વોત્તમ ભેટ છે - **પોપ**
- માત્ર પ્રામાણિકતા આચારથી જ આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થઇ જાય છે - **કાર્લાઇલ**
- પ્રામાણિકતા માણસ કદાપિ ચિંતામાં, ભયમાં કે દુખમાં હોતો નથી - એ નિશ્ચિંત હોય છે - **એસ. ભટાચાર્ય**

## બોધ કથા

ચીન ફરવા જવા માટે પ્રધાનશ્રીએ જે ત્યાગ-બાંધછોડ કરી હોય તે પછી વાજતેગાજતે માંડવે આવશે-આપણે ત્યાં બોદા નેતા-બોદા વચન, બોદા કરારો (M.O.U) બોદો વહીવટ-બોદી વ્યવસ્થા અને બોદા નિયમો-બોદા તપાસ-બોદો ન્યાય... હવે તદ્દન સ્વાભાવિક થઇ ગયાં છે, પ્રજા પણ સમજું છે એટલે તો અને આઘાત-એટેક આવતાં નથી.

એક પ્રધાનશ્રીને કાળી માટીનું અને સ્ટીલના નળવાળું-કુંજો-માટલું લેવાની ઇચ્છા હતી. કોઇ 'ગુરૂ' એ ફ્રીજનું પાણી ન પીવાની સલાહ આપી હતી. સચિવાલયથી ઘેર જતાં માટલાંની લારી માં પોતાના મનમાં હતો એવો જ કૂંજો દેખાયો.

ગાડી ઊભી રખાવી ડ્રાઇવર હવે 'હું લઇ આવું સાહેબ!' પ્રધાનશ્રી કહે ના હું જ પસંદ કરીશ.

ચાર-પાંચ કૂંજામાંથી એક પસંદ કર્યું - પ્રધાનશ્રીને દાદીની સલાહ યાદ આવી - માટલું ટકારા મારીને લેવું. 'બોદો' અવાજ આવે તો સમજી લેવું કે ઝીણી તસ લાગે છે. અવાજ તો 'બોદો' છે?! પ્રજાપતિ નિષ્ઠાવાન અને સ્વતંત્ર મિજાજનો હતો એણે પરખાવી દીધું - સાહેબ, આજકાલ કોણ ટકારાબંધ છે? હું, તમે, સરકાર? અરે એક વ્યક્તિ તો એવો બતાવો! શિક્ષક, ડોકટર, ઇજનેર, અધિકારી, વેપારી બધા જ બોદા છે!

પ્રધાનશ્રી કૂંજો લીધા વિના ત્યાંથી રફૂ થઇ ગયા.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# ઘનશ્યામભાઈની બહુમુખી પ્રતિભાને આવકારીએ અને દીર્ઘાયું, સ્વસ્થ, પ્રસન્નતા, અર્થે પ્રભુને પ્રાર્થીએ કે તેઓ રાષ્ટ્રને અને જગતને વધુને વધુ ઉપયોગી થાય

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

### તાજેતરમાં જ રાષ્ટ્રપતિ એવોર્ડથી વિભૂષિત સદ્ગુણોનો સરવાળો કરતા રહેતા ઉદ્યોગવીર ઘનશ્યામભાઇ ઢોલરીયા



આપણે જે કર્યું હોય તેની જાહેરાત કરવી એના કરતાં આપણે જે કરવાનું છે તે વધારે મહત્ત્વનું છે. ટી.ટી. કૃષ્ણાચારીના આવા બુલંદ વિચારોને જેમણે પોતાના જીવનમાં રોપી, પરિવારમાં અને કર્મચારીમાં ઉછેરી સ્મૃદ્ધિનું લીલું વૃક્ષ ઊભું કર્યું છે તેવા ઉદ્યોગવીરનું શુભનામ ઘનશ્યામભાઇ ઢોલરીયા.

અમરેલી જીલ્લાના મોટા આંકડીયા ગામના વતની ઘનશ્યાભાઇ ખેડૂત સપૂત છે. માતા ઉમબા અને પિતા ગોવિંરદામ બાપુ ના અને સતાધારના સંસ્કાર ધ્રમની વિભૂષિત થયેલા ઘનશ્યામભાઇએ ૧૯૭૫માં મોરબી એન્જીનિયરીંગ કૉલેજમાં સિરામીક્સ ટેકનોલોજીનો અભ્યાસ કર્યો. હૈયામાં હા તો હતી જ. બસ ઘટમાં થનગનતાં ઘોડાની લગામ જ ખેંચવાની બાકી હતી. અભ્યાસ પૂર્ણ થયો ને તરત જ ૧૯૭૫થી ૧૯૮૧ સુધી મોરબીની પરશુરામ પોટરીઝમાં કવોલીટી કંટ્રોલ અને રિફેક્ટ્રીઝનો છ વર્ષ સુધીનો સ્મૃદ્ધ અનુભવ મેળવ્યો હતો.

અનુભવને ઉત્તમ શિક્ષક ગણતા ઘનશ્યામભાઈએ ૧૯૮૨માં વાંકાનેરમાં તદ્દન નાના પાયે નોબલ રિફેક્ટ્રીઝના નામથી પોતાના વ્યવસાયના શ્રીગણેશ કર્યા હતા. તેઓએ એમની પ્રગતિનાં પાયામાં ગ્રાહક સાથે નૈતિકતા રાખીને અને ઉત્પાદનમાં ગુણવત્તા આપીને સફળતાની ઈમારત ચણી છે. એમનો પ્રગટિનો ગ્રાફ એટલે જ રાજયના અને રાષ્ટ્રીય કક્ષાના કવોલિટી પ્રોડક્ટ્સના અનેક એવોર્ડ અપાવવામાં કામિયાબ રહ્યો છે. નોબેલ રિફેક્ટ્રીઝ નામે સ્વયંનો આ ઉદ્યોગ આજે સફળતાના શિખરે પહોંચ્યો છે. આ સંકુલ પાંચ વર્ષ સુધી ટાટા કંપનીની ફેંચાઇઝીઝ ધરાવતું હતું. પછી સમજૂતિથી આગળ વધ્યા. વિશ્વના અનેક દેશોમાં પોતાનો માલ નિકાસ કરી ભારત સરકારને કિંમતી હૂંડીયામણ અપાવવામાં યથાશક્તિ યોગદાન આપે છે. ઉદ્યોગવીર ઘનશ્યામભાઇની સંઘર્ષકથા આજના યુવાન ઉદ્યોગકારોને માટે ઉમદા સંદેશ રૂપ છે. તા. ૨૩-૦૩-૨૦૧૩ના રોજ હું અને જીજ્ઞેશ પટેલ એમની કાર્યશાળામાં કાર્યપદ્ધતિ સાક્ષાત જોઇ રહ્યાં હતા. એકસઠ વર્ષના યુવાન ઘનશ્યામભાઇ પોતાનો ખરો અર્થનો જુસ્સો પ્રગટ કરી મને જણાવ્યું હતું કે, 'નટવરભાઇ, વ્યવસાયના વિકાસ અર્થે સતત દસ વર્ષ સુધી વાંકાનેરથી પોરબંદર બુલેટ ઉપર ફર્યો છું. સવારે નીકળી રાત્રે પરત આવી જવાનું. આવી દિનચર્યામાં આજેય હું થાક્યો નથી.'

ઘનશ્યામભાઇની પારિવારીક વિગતો જોઇએ તો તેમના મોટાભાઇ પરશુરામભાઇ અને ભાભી કાંતાબેન મોટા આંકડીયા મંદિર અને ખેતીનો કાર્યભાર વહન કરે છે. મોટા પુત્ર જતીનભાઇ વાંકાનેરમાં ટ્રેડીંગ વ્યવસાય સંભાળે છે જયારે નાના પુત્ર ભાવેશ વતનમાં પિતાની સાથે છે.

બીજા નંબરના મોટા ભાઇ મહેન્દ્રભાઇ એમ.એસ. સી. સુધી ભણ્યા હતા. જૂનાગઢ એગ્રી કલ્ચર યુનિ. સાથે જોડાયેલાં હતા. ૧૯૯૮માં કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યા. બે પુત્રી, પુત્ર અને પત્ની ભાનુ બહેન નોંધારા બની ગયા હતા. આપત્તિનો પહાડ ઢોલરીયા પરિવાર ઉપર તૂટી પડ્યો. મહેન્દ્રભાઇની પુત્રીઓ કાજલ, પૂજન, અને પુત્ર ગૌરવ દિશાહીન બની જાય તે પહેલાં પરશુરામભાઇ તથા કાંતાબહેન અને ઘનશ્યામભાઇ તથા હંસાબહેનનાં દિલમાં વાત્સલ્યનું ઝરણું ફૂટે એ સહેજ હતું. પુત્ર-પુત્રીઓ મોટા થતાં હતાં ત્યાં માતા ભાનું બહેનનું હાર્ટએટેકથી અવસાન થાય તે બધું કેમ સહેવાય? પણ આવેલી આપત્તિને ઉપાડી લેવી તે ઢોલરીયા પરિવારની નેમ હતી. પરશુરામભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ તથા ઘનશ્યામભાઇના બહેનો રાજકોટ અને સુરતમાં ગૃહસ્થી નિભાવી રહ્યાં છે. ઘનશ્યામભાઇ અને હંસાબહેન કહે છે કે, 'અમારા પિતૃ તૂલ્ય મોટા ભાઇ પરશુરામભાઇનાં સલાહ સૂચનો જરૂર પડે અમને મળ્યાં જ કરે છે.'

ઘનશ્યામભાઇના સંસારયાત્રી હંસાબેન તેઓ એમ.એસ.સી. સુધી ભણ્યો છે પણ તેમના જીવનમાં ગણતરનું ચણતર થયુ છે. આ દંપતીને બે સુપુત્ર છે. તુષાર મોટા છે. એમ.બી.એ. ની પદ્દવીથી શિક્ષિત થયાં છે. તેમના પુત્રવધૂ ભૂમિ. એમ.ફાર્મસીની ડિગ્રી ધરાવે છે. જયારે નાના પુત્ર ઋષિત પણ એમ.બી.એ થયા છે અને તેમનાં પ્રત્ની પ્રાચી કોમ્પ્યુટર એન્જી.ના ફાઇનલ વર્ષમાં અભ્યાસ કરે છે. પુત્રો તુષાર તથા ઋષિત પિતાની સાથે કદમ મિલાવી નોબેલ રિફેક્ટ્રીઝની વિકાસ કૂચમાં જોડાયા છે.

એવોર્ડની વિગત રજું કરૂં તો એક તવારીખ ઊભી થાય પણ ઘનશ્યામભાઇને વર્ષ ૨૦૦૩, આજપર્યંત સુધી લાગલગાટ નેશનલ એવોર્ડ પ્રાપ્ત થયા છે. તેની પાછળના કેટલાક સોનેરી મંત્રો આ રહ્યા.

કરશું, જોશું અને પછી વાત જેવા શબ્દો. ઘનશ્યામભાઇની ડીક્ષનરીમાં છે જ નહીં પણ જે શબ્દો છે તે 'આજે, અત્યારે જ' એક ચોક્કસ મિશન સાથેનાં છે. જેમ ગુરૂદત્તાત્રેયના ચોવીસ ગુરૂ હતા. તેમ ઘનશ્યામભાઇ પર જયાંથી મળે ત્યાંથી શિખે છે. તેઓ કહે છે કે બધામાંથી પોઝીટીવ ચોરી કરો. સારો સ્વભાવ, સારી ટેવ, સારૂં વલણ, દઢ મનોબળ, પ્રતિભાશાળી વ્યક્તિત્વ, સાહસ, સંઘર્ષ, ખંત અને ધીરજ કોઇ પણ કામ સફળતાપૂર્વક પાર પાડી શકાય છે.

અહીં મને અબ્રાહ્મ લિંકનનું પ્રેરક વાક્ય રજૂ કરવાનું ગમે જ.

'એક ડગલું બસ થાય, હું ધીમું ચાલનારો માણસ છું, હું કદી પાછું ડગ માંડતો નથી.'

ઘનશ્યામભાઇએ આવા અનેક વિઝન સાથે કામ કર્યું છે અને આજે કરી રહ્યા છે. પોતે તો હર્યું ભર્યું જીવી રહ્યાં છે પણ પોતાની ફેકટરીના વર્કર્સ માટે ક્ષણે ક્ષણે ચિંતા વર્કર્સની હયાતીમાં તો તેને મળવાપાત્ર હક્ક હિસ્સા માળે જ છે. ઉપરાંત મૃત્યુ પછીનાં લાભ પણ આપવામાં આવે છે. ઘનશ્યામભાઇ ટાટાને પોતાના રોલ મૉડેલ ગણે છે કારણ ટાટા કંપનીએ નીતિમત્તા છોડી નથી.

ઘનશ્યામભાઈએ પોતાના સંકુલ નોબેલનું સરસ વિવરણ કર્યું છે. **N**- નોબેલ આઈડીયા, **O**- ઓર્ગેનાઈઝડ્ એક્ટિવીટીઝ, **B**- બેટર ક્વોલિટી, **L**- લોયલ એટીટયુટ અને **E**- એક્સેલન્સ ઈન પરફોર્મન્સ. આખી ફેક્ટરીને વ્યસન મુક્ત બનાવનાર ઘનશ્યામભાઈએ વર્કર્સને વર્કર્સને વ્યસન છોડવા કેટકેટલી વિનંતી કરી હશે તે અંગે આપણને પ્રશ્ન થાય. સામાજિક કરૂઢિઓનાં વિરોધી તેઓને બુધવાર કે રવિવારનો લૌકિક કામ બાધ નથી. પોતાના જ ઘરમાં સ્મશાને છે એટલે કે પિતાની, દાદાની સમાધિ ઘરમાં જ છે. પૂર્વજોની તિથિ ઉજવણીએ છીએ. જયોતિષવિદ્યામાં પડતા નથી. 'પ્રામાણિકતાથી કામ કરી આપણે જ આપણું નસીબ જગાડવાનું છે, પુરૂષાર્થ કરવાનો છે.' આવી સ્પષ્ટ દૃષ્ટિ અન વિચાર ધરાવતા ઘનશ્યામભાઇ ત્રિપલ **D** ની વ્યાખ્યા સુંદર રીતે બાંધે છે તેઓ કહે છે કે,

'ડિટરમેશન, ડેડીકેશન અને ડિવોશન આ મારો જીવનમંત્ર છે. હું તો એમ પણ કહું છું કે આકાશના તારા સુધી પહોંચો પણ કદમ ધરતી ઉપર રાખો. મહત્ત્વકાંક્ષા ઊંચી જરૂર રાખો સાથોસાથ કદમ નાનું રાખો.' ધીરજ રાખીને કામ કરીએ તો આપત્તિનું વાવાઝોડું ન આવે.'

'કણ કણમાં કણબી દર્શન' એપ્રિલ-૨૦૧૩નો અંક આપના હાથમાં આવશે ત્યાં સુધીમાં આપણા ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી સાહેબનાં વરદ્ હસ્તેથી ઘનશ્યામભાઇ ઢોલરીયાને નેશનલ એવોર્ડ ફોર ઈનોવેશન (ઓપર કેટેગરી) અપાઇ ચૂક્યો હશે. આપણે સૌ પણ નોબેલ રિફેકટરીઝના સૂત્રધારને પોંખીએ અને હાર્દિક અભિનંદન આપીને કહીએ.

જગતમાં ત્રણ ખરેખર મહાન વસ્તુઓ છે : પર્વત, મહાસાગર અને સાચા દિલથી કામ કરતો માનવી. ત્રણેયની અંદર રહેલી શક્યતાઓના તાગ આપણે પામી શકીએ તેમ નથી.

**- એમરસન**

મારી દૃષ્ટિએ ઘનશ્યામભાઇ પણ સાચા દિલથી કામ કરતા માનવી છે અને તેમની અંદર રહેલી શક્યતાઓનો તાગ તેઓ પામી શકયા છે એમ જરૂરથી એમના વ્યક્તિત્વને જોતા લાગે છે.

ઘનશ્યામભાઇ કહે છે કે 'હું સ્વપ્નાઓ જોઉં છું પણ જાગતો રહીને.' પ્રામાણિકતા, પ્રતિબદ્ધતા, પ્રિન્સીપાલ, પોલીસી જેવા અનેક ગુણો જેમને પોતાની જીવનશૈલી બનાવ્યા છે. તેઓ આજે જે કંઇ પ્રાપ્ત થયું છે તેનો શ્રેય માત્રને માત્ર માતાપિતાને આપે છે.

આ બધા પાસાઓને લીધે આજે તેમની કંપનીનું ઉત્પાદન આતંરરાષ્ટ્રીય સ્વીકૃતિ પામ્યું છે. દેશની નામાંકિત કંપનીઓમાં એસ્સાર સ્ટીલ લી, ટાટા રિફેકટરીઝ, જીંદાલ સ્ટેનલેસ લી, ઓરિસ્સા સ્પોન્ગ આર્યન લીવ. ઉપરાંત વિદેશમાં દુબઇ, શારજહા, દમામ, અબુધાબી, કુવૈત, કેનિયા, બાંગ્લાદેશ, સાઉદી અરેબીયા જેવા દેશોમાં પોતાની પ્રોડક્ટ પુરી પાડે છે.

નોબેલ સંકુલમાં ઊંચા તાપમાને ઉષ્ણતામાન રેઝીસ્ટ કરતી ફાયર બ્રીક્સ નું નિર્માણ થાય છે. આ ઉત્પાદન એક્સ આઇ.ઓ. ૯૦૦૧ નું તથા ૧૪૦૦૦૧ નું પ્રમાણપત્ર તેમજ તેમની પ્રોજેક્ટની પેટર્ન પણ ધરાવે છે.

અહીં ઘનશ્યામભાઇની બહુમુખી પ્રતિભાને આવકારીએ અને દીર્ઘાયું, સ્વસ્થ, પ્રસન્નતા, અર્થે પ્રભુને પ્રાર્થીએ કે તેઓ રાષ્ટ્રને અને જગતને વધુને વધુ ઉપયોગી થાય. તેમનો સંકલ્પ, મનોકામનાઓ પૂર્ણ થાય. તેમનો મો. નં. છે. **૯૮૨૫૫૨૪૮૦૦**

# પોતાની સ્થિતિનો આનંદ તો કોઇ દિવસ નહિ થાય, પણ બીજા આગળ છે! તે વિચારથી એક અસંતોષની લાગણી રાખી આપણા સુખમય જીવનને પણ દુઃખી બનાવીએ છીએ

## વિચાર યાત્રા

- જય ઓઝા

### મારું દુઃખ તારા કરતાં ઓછું ...એ કેમ ચાલે!

પોતાની પીડાને ઓછી કરવાનો હળવી કરવાનો રાજમાર્ગ કયો? એકદમ સિમ્પલ, આપણા કરતાં વધુ પીડા ભોગવનારઓનો વિચાર કરવો. માણસ જો ધારે તો તોને પોતાની આજુબાજુ જ પોતાના કરતાં વધુ પીડા ભોગવનારા માણસોના ઉદાહરણ મળી જાય ચે. મલમલના ગાજલા પર ઊંઘની ગોળીઓ ખાઇને પણ ઊંઘનારા શેઠની બાલ્કનીમાંથી નીચે રસ્તા પર ફૂટપાથને ડનલોપ બનાવીને સૂનાર ભિખારીને જોઇને કદાચ ઊંઘ આવી જાય, અને નીચે ફૂટપાથવાળા ભિખારીને શેઠની હવેલી જોઇને ઊંઘ આવી જાય છે.

પણ, આવું થતું નથી. અને બને છે એનાથી ઊંધું મહેલમાં રહેનારને નીચે શાંતિથી સૂનારા ભિખારીની ઇર્ષ્યા આવે છે અને ભિખારીને શેઠની હવેલીની. સરવાળે બંને સૂતા નથી. આપમો આ સ્વભાવ મૂળભૂત છે. આપણને આપણું દુઃખ જ પહાડ જેવું લાગે છે અને આ દુઃખ થકી લોકોની સહાનુભૂતિ મેળવવાની ઘેલછા ચરમસીમાએ પહોંચી છે.

સુખ વહેંચવાથી વધે છે, અને દુઃખ વહેંચવાથી ઘટે છે. પરંતુ માણસની પ્રકૃતિ મોટેભાગે એ પ્રકારની છે કે સુખ વહેંચવામાં તે કંજૂસાઇ કરે છે, અને દુઃખમાં બધાને સહભાગી બનાવવા મથે છે.

બીજી મુસીબત છે... ઇર્ષ્યા. બીજાના જરી જેટલા સુખની પહાડ જેટલી ઇર્ષ્યા થાય છે. આપણું સુખ જેવડું અને બીજાનું સુખ પહાડ જેવું દર્શાવવામાં આપણે અવ્વલ છીએ. આપણી ડોક બીજાના સુખમાં ડોકીયા મારીને જ દુઃખી થાય છે.

પણ પછી આ વાત દુઃખમાં લાગુ પડતી નથી. નાની ફોડલીને પંપાળીને આળપંપાળ કરીને ગાંઠ જેવી બનાવી દેવાના માણસોનો તોટો નથી. બસ માણસને પોતાની દુઃખની કહાની બનાવીને કહેવામાં કંઇક અલગ જ પ્રકારનો આનંદ આવે છે. આવું કરવાથી એની કંઇ તૃષ્ણા સંતોષાતી હશે એ તો ભગવાન જાણે, કોઇ પણ જગ્યાએ અમસ્તો જ માણસ કોઇને પુછી બેસે કે "શું છે, હમણાં કેવું ચાલે છે?" સામેથી જવાબ આવશે, "ઠીક છે પણ તમારા જેવું નહિ."

પોતાની સ્થિતિનો આનંદ તો કોઇ દિવસ નહિ થાય. પણ બીજા આગળ છે! તે વિચારથી એક અસંતોષની લાગણી રાખી આપણા સુખમય જીવનને પણ દુઃખી બનાવીએ છીએ. પછી મજાની વાત જુઓ કે આપણું દુઃખ એ કદાચ બીજાની માટે સુખ હોઇ શકે, માટે, દુઃખ કોઇ પાસે રડવામાં મજા નથી. કોઇ આપણું દુઃખ મટાડી શકતું નથી, કારણ કે તે સ્વયં જનીન છે વળી જો સાંભળનાર હમદર્દ બનીને સાંભળે તો ઠીક છે, બાકી મોટે ભાગે તો બધા મનમાં હસતાં જ હોય છે - 'હં હવે આવ્યો ને લાગ માં'

મફત અને સરળ રીતે અપાતી સલાહ આપનાર કહેશે 'ભાઇ! થોડું ધ્યાન હતું ને! આમ ન કર્યું હોય તો દુઃખી ન થવાત!' દુઃખી હોઇએ ત્યારે બધા શાણપણ ડહોળવા પહોંચી જાય છે.

**"બસ દુર્દશાનો એટલો આભાર હોય છે,**
**જે પણ મળે છે મુજથી વધુ સમજદાર છે."**

**- મરીઝ**

આવા ઉપદેશથી દુઃખ ઘટતું નથી... પરંતુ ઉપહાસથી કયારેક તીવ્ર બને છે, વાત્સવમાં આપણે જેની પાસે સહૃદય ઠાલવીએ છીએ એ સુખી છે ખરો? વળી કદાચ આપણા રોદળાં સાંભળીને એ પોતાની જાતને સુખી માનવા લાગશે સાથે એ પણ વિચારવાનું કે આપણા દુઃખની વાતો સાંભળવામાં તેને કેટલો રસ છે? વાસ્તવમાં તો સુખ દુઃખની આ દ્વંદ્વાત્મક સૃષ્ટિમાં રહેતા આપણે કોઇ એકનાં અતિરેકમાં બંનેનો સમન્વય જ જીવન છે, એ સમજવાનું ભૂલી જઇએ છીએ...

"જીવન કયાં હૈ, ચલતા ફિરતા એક ખિલૌના હૈ,
દો આંખો મેં એક સે હૈ રોના, એક સે હસનાં હૈ."

રજનીશજીએ તેમનાં એક પ્રવચનમાં સરસ વાત કરી હતી. શ્રીમંતનું જે સુખ છે,તે ગરીબની ગરીબીમાં છે, શ્રીમંતની શ્રીમંતાઇમાં નથી. દરેક મનુષ્યનું સ્વપ્ન હોય છે કે મૃત્યુ બાદ તેને સ્વર્ગ મળે. કારણ આપણને ખબર છે કે નરકમાં જનારા લોકો દુઃખી થાય છે, પણ જો આપણને એવી ખબર પડે કે નરક જેવું કશું છે જ નહિ તે!

બટ્રાન્ડ રસેલે કયાંક એક સરસ વાત કરી છે કે હું સ્વર્ગમાં જવા નથી માંગતો, કારણ કે જયાં સુખ જ સુખ હોય, ત્યાં સુખનો ખ્યાલ કેવી રીતે આપણે? મળવાનું સુખ ન મળવાની લંબાઇથી આવે છે. પ્રાપ્તિમાં પ્રતિક્ષા જેટલું સુખ મળતું નથી.

પરંતુ જે સુખ છે તો પણ સુખી છે અને દુઃખ છે તો પણ સુખી છે, તે આનંદમાં પ્રવેશી જાય છે પણ ભાઇ! આવી સ્થિતિમાં કોઇ તે, વિરલ વ્યક્તિ જ પ્રાપ્ત કરી શકે... સ્થિતપ્રજ્ઞ બનવાનું મારૂં કે તમારૂં કામ નથી યાર! સો વાતની એક વાત કે પૈસાદાર હોવાથી સુખી નથી થવાનું અને ગરીબ હોવાથી દુઃખી. ધન પાસે સુખ પણ નથી પણ પોતાને મનગમતું દુઃખ પસંદ કરી શકાય છે.

ખરેખર સુખદુઃક મહત્ત્વના નથી, પસંદગી મહત્ત્વની છે. ગરીબ માણસ જે દુઃખ ઇચ્છે તેને પસંદ નહીં કરી શકે, પરંતુ તવંગર વ્યક્તિ પસંદગીનું દુઃખ મેળવી શકે છે એટલે કે અમીર અને ગરીબના દુઃખમાં બહુ ફરક નથી... પસંદગીમાં ફરક હોય છે.

તો એવું છે કે - દુઃખમાં હોઇએ ત્યારે ગીતાના અધ્યાય જેટલા સમજમાં આવે છે, તેટલા સુખમાં નથી આવતા... આ ભેદ મટી - જાય તો સુખ દુઃખનું ચક્ર પણ મટી જાય.

# શરીરને જરૂરી બધા જ તત્વો ગૌમૈયામાં ઈશ્વરે ઠાંસી ઠાંસી ને ભર્યા છે જેને આપણે માત્ર જાણવાનાં અંતે જણાવવાનાં નથી પણ જન-જન સુધી પહોંચાડવાના છે

## યુવાપેઢીનું નવીન કર્તવ્ય - ગૌ સેવા

## ચિંતન સભા

- પ્રા. ડો. રાકેશ આર. પટેલ

**(ગતાંકથી આગળ...)**

શરીરને જરૂરી બધા જ તત્વો ગૌમૈયામાં ઇશ્વરે ઠાંસી ઠાંસી ને ભર્યા છે જેને આપણે માત્ર જાણવાનાં અંતે જણાવવાનાં નથી પણ જન-જન સુધી પહોંચાડવાના છે.

છંદોગ્યઉપનિષદમાં (૪/૪-૬) ગૌસેવાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરનારા જલાબા પુત્ર સત્યકામની પ્રસિદ્ધ કથા કહેવાઇ છે. જલાબા પુત્ર જયારે વિદ્યા અધ્યયન કરવા યોગ્ય થયો ત્યારે માતાને કહેવા લાગ્યો :'મા! હું ગુરૂકુળમાં અભ્યાસ કરવા માંગુ છું. ગુરૂજી જયારે નામ, ગોત્ર પુછશે ત્યારે હું કયું ગોત્ર જણાવું?' માતાએ કહ્યું : "પુત્ર! ગુરૂજીને કહે જે કે હું જલાબાપુત્ર સત્યકામ છું." માતાની આજ્ઞા લઇ સત્યકામ હારિદ્રુમત ગૌતમઋષિ પાસે ગોય અને બોલ્યો : "શ્રીમાન ગુરૂજી અહીં બ્રહ્મચર્યપૂર્વક સેવા કરવા આવ્યો છું" આચાર્યએ પૂછ્યું : "વત્સ તારૂં ગોત્ર કહું છે?" સત્યકામે કહ્યું, : "ભગવન! મારૂં ગોત્ર કયું છે એ હું નથી જાણતો, બસ હું જલાબા પુત્ર સત્યકામ છું." ગૌતમ ઋષિએ કહ્યું : "વત્સ! બ્રાહ્મણ ને છોડીને બીજો કોઇ આવી સરળ ભાવથી સાચી વાત કરી ન શકે. જા, થોડી સમિધા લઇ આવ, હું તારો ઉપનયન કરૂં છું."

સત્યકામનાં ઉપનયન સંસ્કાર કરીને ચારસો દુર્બલ ગાયો તેની સામે લાવીને ગૌતમ ઋષિએ કહ્યું : "તું આને વનમાં ચરાવવા લઇ જા, જયાં સુધી આ ગાયોની સંખ્યા એક હજાર ન થાય ત્યાં સુધી તેમને પાછી ન લાવતો."

સત્યકામ ગાયોને લઇને વનમાં ગયા, ત્યાં તે કુટિયા બનાવીને રહેવા લાગ્યા અને તન-મનથી ગાયોની સેવા કરવા લાગ્યાં, ધીરે ધીરે ગાયોની સંખ્યા એક હજાર થઇ, ત્યારે એક દિવસ વૃષભે સત્યકામ પાસે આવીને કહ્યું, "વત્સ! અમારી સંખ્યા એક હજાર થઇ ગઇ છે, અમને હવે આચાર્યકુળમાં પહોંચાડો. સાથે તને બ્રહ્મત્વ સંબંધી એક ચરણનો ઉપદેશ આપું છું." તે બ્રહ્મ પ્રકાશસ્વરૂપ છે, તેનું બીજું ચરણ તને અગ્નિ બતાવશે.

સત્યકામ ગાયોને હંકારી આગળ ચાલ્યો. સંધ્યા થતા ગાયોને રોકી અને જળ પીવડાવી ત્યાં જ રાત્રી નિવાસની વ્યવસ્થા કરી. ત્યાર પછી કાષ્ઠ લાવી અગ્નિ પ્રગટાવ્યો, ત્યારે અગ્નિદેવ પ્રગટ થયા, અને કહ્યું : "સત્યકામ હું તને બ્રહ્મનું બીજું પદ કહું છું, : તે અનંદ છે. આગળનો ઉપદેશ તને હંસ કરશે. બીજા દિવસે સત્યકામ ગાયો સહિત કોઇ સુંદર જલાશયના કિનારો રોકાયો. ત્યારે એક હંસે આવીને કહ્યું : હું તને બ્રહ્મના ત્રીજા પાદનો ઉપદેશ કરૂં છું : તે જ્યોતિષ્માન છે" ચતુર્થપાદનો ઉપદેશ તને જલકુક્ટુટ કરશે, બીજે દિવસે સત્યકામ સાંયકાલે ગાયોને લઇને એક વૃક્ષ નીચે નિવાસ કર્યો. ત્યારે એક જલમૃગે આવીને કહ્યું : તે આયતન સ્વરૂપ છે.

આ રીતે દેવતાઓ પાસેથી પરમાત્માનો બોધ મેળવતો સત્યકામ સહસ્ત્ર ગાયોને લઇને આચાર્ય ગૌતમ પાસે પહોંચ્યો. આચાર્યએ તેની ચિંતારહિત, તેજપૂર્ણ દિવ્ય મુખકાંતિને જોઇને કહ્યું :'વત્સ! તું બ્રહ્મજ્ઞાની સદ્રશ દેખાય છે. સત્યકામે કહ્યું : ભગવન્! મને મનુષ્યેતરોની વિદ્યા મળી છે. મેં સાંભળ્યું છે કે આપની પાસેથી પ્રાપ્ત કરેલ વિદ્યાક જ શ્રેષ્ઠ જ શ્રેષ્ટ છે આથી મને પૂર્ણ રૂપ ઉપદેશ આપો.' આચાર્ય ખૂબ પ્રશન્ન થઇને બોલ્યા : વત્સ! તે જે પ્રાપ્ત કર્યું છે તે જ બ્રહ્મજ્ઞાન છે. અને ત્યાર બાદ તેમણે તે સંપૂર્ણ તત્વનો પુન : ઉપદેશ કર્યો.

ચિંતન કરતા સમજાય છે કે આપણે ગાયની સેવા નથી કરતા, પણ ગાય આપણી સેવા કરે છે. એક ગાય નાનકડા કુટુંબનો સહારો બની રહે છે. ગુણલક્ષ્મી ગાય માત્ર દૂધ આપનારી છે? ના બિલકુલ નહીં. માત્ર 'ફેટ' ને આધારે ગાયની કિંમત કરીએ તો આપણે કશુંક ગુમાવીએ છીએ! તિવ્રતા, ઝડપ અને સ્ફૂર્તિ એ તો ગાયને મળેલ વરદાન છે. એ ગુણો માણસમાં તો જ સંક્રાંત થાય જો તે ગાયનાં દૂધને હોંશે હોંશે પીવાનું શરૂ કરે. મહાન અને શ્રેષ્ઠ વ્યક્તિઓ શરીરે સ્થૂલ હોવા જરૂરે નથી.

**સંશોધનની નજરે ગાયનું દૂધ**

**Nutrients is (Cow) Milk 1.00 cup (244.00 grams)**

**Natrient % Daily Value**

**Iodine 39 %, Vitamin D 29.8 %, Calcium 29.2%, Tryptophan 28.1%, Vitamin B 226.4%, Phosphorus 22.4%, Vitamin B 1221.5%, Portein 16.1 %, Calories (122) 6 %**

સંશોધકોને એક જ સંદેશ છે કે શરીરને જરૂરી બધા જ તત્વો ગૌમૈયામાં ઇશ્વરે ઠાંસી ઠાંસી ને ભર્યા છે જેને આપણે માત્ર જાણવાનાં અંતે જણાવવાનાં નથી પણ જન-જન સુધી પહોંચાડવાના છે.

**પંચામૃત :**

એક કાર્યક્રમમાં મોરારજી દેસાઇ સામે લોકોનાં ટોળાએ ગોહત્યાનો સળગતો મુદ્દો ઉપસ્થિત કર્યો. મોરારજી દેસાઇએ પળવારનો વિચાર કર્યા વિના સામે પ્રશ્ન પૂછ્યો : "તમારામાંથી ગાયનું દૂધ કેટલા પીવો છો?" કોઇની પાસે જવાબ નહોતો. ગાયના દૂધનો દૈનિક જીવનમાં ભરપૂર ઉપયોગ એ ગૌસેવાનું પ્રથમ પગથિયું છે.

જય ગૌ મૈયા **(સમાપ્ત)**